YOGI ASTROLOGY
PROBLEM : JOB | HEALTH
BUSINESS | EDUCATION
IMMIGRATION | CAREER | COURT
NEW BORN BABY KUNDLI
MARRIAGE MATCH KUNDLI
LAGNA MUHURAT / VEDIC MUHURAT
LIFE PREDICTION
VASTU CONSULTATION
MULTI LANGUAGE
COMPUTERIZED KUNDLI
YOGESH GANDHI
M.SC. B.Ed.
+1 647 286 3734
yoglastro@yahoo.com
www.yoglastrology.com
77 Mission Ridge TR, Brampton ON Canada

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

અબ તો એક ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 31 ■ તા. 09-08-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

‘તમે વ્હાઈટ હાઉસના માલિક નહીં ભાડુઆત છો’

વોશિંગ્ટન, તા.૮

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અદાલત તરફથી મોટો ઝટકો લાગ્યો છે. વોશિંગ્ટન સ્થિત ‘યુ.એસ. કોર્ટ ઓફ અપીલ્સ ફોર ધ ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયા સર્કિટ’ની ફેડરલ અપીલ કોર્ટે ટ્રમ્પ તંત્રના અત્યંત મહત્વાકાંક્ષી ઈ૪૦૦ મિલિયન (આશરે ૩,૫૦૦ કરોડ) ના વ્હાઈટ હાઉસ બોલરૂમ પ્રોજેક્ટના નિર્માણ પર રોક લગાવી દીધી છે.અદાલતે ૨-૧ ના બહુમતી ચુકાદામાં સખત ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, ‘‘દરેક પ્રમુખ વ્હાઈટ હાઉસના અસ્થાયી ભાડૂઆત હોય છે, માલિક નહીં’’. અદાલતે સ્પષ્ટ કર્યું કે સંસદ (કોંગ્રેસ) ની મંજૂરી વિના કાર્યપાલિકા વ્હાઈટ હાઉસ જેવા ઐતિહાસિક ભવનમાં આટલો મોટો ફેરફાર કરી શકે નહીં.ગયા વર્ષે ટ્રમ્પ તંત્ર દ્વારા યુએસ કોંગ્રેસની પૂર્વ મંજૂરી લીધા વિના જ વ્હાઈટ હાઉસના ઐતિહાસિક ‘ઈસ્ટ વિંગ’ ને તોડી પાડવામાં આવ્યું હતું અને તેની જગ્યાએ ૯૦,૦૦૦ ચોરસ ફૂટમાં વિશાળ બોલરૂમનું નિર્માણ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ પગલાં સામે ‘નેશનલ ટ્રસ્ટ ફોર હિસ્ટોરિક પ્રિઝર્વેશન’ નામના સંગઠને અદાલતમાં અરજી કરી હતી.અપીલ કોર્ટે આ સંસ્થાને મળેલી પ્રારંભિક રોક ને બહાલ રાખતા જણાવ્યું કે, વિશાળ બોલરૂમ બનાવવો કે નહીં તે નક્કી કરવાનો અધિકાર કોંગ્રેસનો છે, રાષ્ટ્રપતિ પોતાની મરજીથી આ નિર્ણય લઈ શકે નહીં.કોર્ટે પોતાના ચુકાદા પર ૧૪ દિવસ માટે અમલવારી મુલતવી રાખી છે, જેથી ટ્રમ્પ તંત્ર યુએસ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે.આ નિર્ણય બાદ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘ટ્રુથ સોશિયલ’ પર આક્રોશ વ્યક્ત કરતા તેને ‘‘રાજકીય રીતે પ્રેરિત’’ નિર્ણય ગણાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે બોલરૂમ પ્રોજેક્ટમાં બોમ્બ શેલ્ટર, આધુનિક તબીબી સુવિધાઓ અને ડ્રોન તથા મિસાઈલ વિરોધી સુરક્ષા પ્રણાલીઓ શામેલ છે, જે વ્હાઈટ હાઉસની સુરક્ષા માટે અત્યંત જરૂરી છે. ટ્રમ્પે આશા વ્યક્ત કરી છે કે અમેરિકાની સુપ્રીમ કોર્ટ આ અન્યાયી આદેશને રદ કરશે.

ટુ વ્હીલર સેગમેન્ટમાં ઈલેક્ટ્રિક વ્હીકલનું વેચાણ ૮૮.૩૨% વધ્યું

ઈલેક્ટ્રિક વ્હીકલનું રિટેલ વેચાણ જુલાઈમાં ૬૬ ટકા વધીને રેકોર્ડ સ્તરે

જૂનમાં EVનું વેચાણ ૬૩% વધીને ૩,૦૬,૨૨૦ યુનિટ થયું હતું. દેશમાં કુલ EVનો હિસ્સો વધીને ૧૨% થયા

નવી દિલ્હી, તા.૮

ઈલેક્ટ્રિક વ્હીકલ (EV)નું રિટેલ વેચાણ જુલાઈ મહિનામાં **66%** વધીને **3,27,901** યુનિટ થયું હતું. પ્રત્યેક આઠ વાહનોમાંથી એક વાહન ઈલેક્ટ્રિક હતું. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (FADA)એ શુક્રવારે આ ડેટા જાહેર કર્યા હતા. જૂનમાં EVનું વેચાણ **63%** વધીને **3,06,220** યુનિટ થયું હતું. દેશમાં કુલ EVનો હિસ્સો વધીને **12%** થયો છે. જુલાઈમાં ટુ વ્હીલર સેગમેન્ટમાં EVનું વેચાણ **88.32%** વધીને **2,04,362** યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં **1,08,516** યુનિટ હતું. ઈલેક્ટ્રિક પેસેન્જર વ્હીકલનું વેચાણ **83.13%** વધીને **32,928** યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં **17,981** યુનિટ હતું. ઈલેક્ટ્રિક પેસેન્જર વ્હીકલમાં **83%** વેચાણ વધ્યું છે અને તેમાં પણ સપ્લાયની સમસ્યા જોવાઈ છે. તહેવારોમાં હજી પણ માંગ વધશે જેથી સપ્લાય વધારવા ઉત્પાદકોને કહેવાયું છે.થ્રી વ્હીલર ઈલેક્ટ્રિક વ્હીકલનું રિટેલ વેચાણ **25.3%** વધીને **87,055** યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં **69,477** યુનિટ હતું. ઈલેક્ટ્રિક કોમર્શિયલ વ્હીકલ (CV)નું વેચાણ **168.6%** વધીને **3,556** યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં **1,324** યુનિટ હતું.એસોસિએશનના પ્રમુખ સાઈ ગીરીધરે કહ્યું હતું કે જુલાઈમાં ઈલેક્ટ્રિક વાહનોનું કુલ વેચાણ સૌપ્રથમવાર **3,27,901** યુનિટ થયું છે. અગાઉ ક્યારેય એક મહિનામાં આટલું વેચાણ જોવાયું નથી. તેમણે કહ્યું કે દરેક કેટેગરીમાં વેચાણનો રેકોર્ડ સર્જાયો છે.

ટુ વ્હીલરમાં પ્રથમવાર **2** લાખ યુનિટથી વધુ વેચાણ થયું અને તેમાં કુલ હિસ્સો **11.2** ટકા થયો છે. થ્રી વ્હીલરમાં હિસ્સો વધીને **65.1** ટકા થઈ ગયો છે. ઈલેક્ટ્રિક કોમર્શિયલ વ્હીકલનો હિસ્સો વધીને ત્રણ ગણો એટલે કે **3.57%** થઈ ગયો છે. ફ્લીટ ઈલેક્ટ્રિફિકેશન પાઈલટથી લઈને હવે પરચેઝ ઓર્ડર સુધી વિસ્તરી ગયો છે.

ગ્રાહકો અને નાના વેપારીઓને મોટી રાહત

UPI પેમેન્ટ પર ચાર્જ અંગે સૌથી મોટો ભ્રમ દૂર!

નાના દુકાનદારો અને કરિયાણા વેપારીઓ પાસેથી પણ યુપીઆઈ પેમેન્ટ સ્વીકારવા પર કોઈ મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ લેવામાં આવશે નહીં

નવી દિલ્હી, તા.૮

યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) પર ચાર્જ વસૂલવામાં આવશે તેવી વિવિધ ચર્ચાઓ વચ્ચે પેમેન્ટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI)એ સ્પષ્ટતા કરી છે. PCIએ જણાવ્યું છે કે સામાન્ય ગ્રાહકો અને નાના વેપારીઓ માટે UPI ચૂકવણી પહેલાની જેમ જ સંપૂર્ણપણે મફત રહેશે. હવે મૂળ મુદ્દો એ છે કે ઝડપથી વધી રહેલા આ ડિજિટલ પેમેન્ટ નેટવર્કને લાંબા સમય સુધી કેવી રીતે મજબૂત અને ટકાઉ બનાવી શકાય, જેને ધ્યાનમાં રાખીને કેટલાક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.PCIએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, વર્ષ 2016માં UPIની શરૂઆત થઈ ત્યારથી જ સરકાર અને પેમેન્ટ ક્ષેત્રે ગ્રાહકો પાસેથી કોઈ પણ પ્રકારનો ટ્રાન્ઝેક્શન ચાર્જ લીધો નથી અને ભવિષ્યમાં પણ ગ્રાહકો કોઈ પણ ચાર્જ વગર UPIનો ઉપયોગ કરી શકશે.આ ઉપરાંત નાના દુકાનદારો અને કરિયાણા વેપારીઓ પાસેથી પણ UPI પેમેન્ટ સ્વીકારવા પર કોઈ મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લેવામાં આવશે નહીં. UPIને નાના કારોબારીઓ સુધી ડિજિટલ પેમેન્ટની સુવિધા પહોંચાડવાના હેતુથી બનાવવામાં આવ્યું હતું અને તેમની સુવિધા હંમેશા પ્રાથમિકતા રહેશે.UPI આજે વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઈમ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ બની ચૂકી છે.

દર મહિને અબજોના ટ્રાન્ઝેક્શન થતા હોવાને કારણે આ સિસ્ટમને સુરક્ષિત, મજબૂત અને ટકાઉ બનાવી રાખવા માટે જરૂરી રોકાણ અને માળખા પર ચર્ચા થઈ રહી છે. જોકે, તેનાથી ગ્રાહકો કે નાના વેપારીઓ પર કોઈ વધારાનો બોજ પડશે નહીં. PCIના જણાવ્યા મુજબ, નેશનલ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને ચલાવવામાં ટેકનોલોજી, સાઈબર સુરક્ષા, ગ્રાહક સહાયતા અને નિયમોના પાલન પાછળ સતત ખર્ચ થાય છે, જે હાલમાં બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ ભોગવી રહ્યા છે.PCIએ સ્પષ્ટ કર્યું છે કે જો ભવિષ્યમાં મોટા વેપારીઓ પર મર્ચેન્ટ સર્વિસ ચાર્જ લાગુ કરવામાં આવે, તો પણ તેનો અર્થ એ નથી કે ગ્રાહકોએ UPIનો ઉપયોગ કરવા માટે ચાર્જ ચૂકવવો પડશે. આ ચાર્જ માત્ર વેપારી અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર વચ્ચેનો વ્યાવસાયિક કરાર હશે. વિશ્વના ઘણા દેશોમાં પણ આવી વ્યવસ્થા લાગુ છે, જ્યારે ગ્રાહકો માટે ડિજિટલ પેમેન્ટ સેવાઓ સામાન્ય રીતે વિનામૂલ્યે ઉપલબ્ધ રહે છે.છેલ્લા 10 વર્ષથી બેંકો,

પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ, ફિનટેક કંપનીઓ, NPCI અને RBI ટેકનોલોજી, સાયબર સુરક્ષા અને ળોડ રોકવા માટે સતત રોકાણ કરી રહ્યા છે, જેથી UPI દિવસના 24 કલાક અને અઠવાડિયાના 7 દિવસ સુરક્ષિત રીતે કામ કરી રહ્યું છે. વધતા ટ્રાન્ઝેક્શન સાથે આ સુરક્ષા અને નવીનતા જાળવી રાખવા માટે રોકાણ જરૂરી છે.

માત્ર ૨૫ હજારમાં પ્રશ્નો લીક થયા, કેટલાકને ગિફ્ટમાં ઘડિયાળ મળી

પેપર લીક હત્યા કરતા પણ જઘન્ય ગુનો, અનેકનું જીવન બરબાદ કરે છે :કોર્ટ

છત્તીસગઢમાં લોક સેવા આયોગની પરીક્ષામાં ગેરરિતી મુદ્દે સીબીઆઈ દ્વારા ધરપકડ કરાયેલ પૂર્વ આઈએએસ અધિકારીની જામીન અરજીને ફગાવી

નવી દિલ્હી, તા.૮

આ વર્ષે મે મહિનામાં નીટ-યુજીની પરીક્ષા લેવાઈ હતી જેનું પેપર ફૂટી ગયું હતું, આ મુદ્દે દેશભરમાં ભારે વિવાદ વચ્ચે તપાસ એજન્સી સીબીઆઈએ કોર્ટમાં ૯૪ પેજની ચાર્જશીટ દાખલ કરી છે જેમાં અનેક ખુલાસા કર્યા છે. એજન્સીએ કહ્યું છે કે પેપર લીકની આ ઘટના કોઈ એક બે વ્યક્તિ દ્વારા અંજામ આપવામાં નથી આવી, તેની પાછળ પરીક્ષાનું આયોજન કરનાર એનટીએના અંદરના લોકો, શિક્ષકો અને અનેક રાજ્યોમાં ફેલાયેલા સિન્ડિકેટ દ્વારા મળીને સંગઠીત રીતે અંજામ આપવામાં આવ્યો છે. જ્યારે પેપર લીકને લઈને છત્તીસગઢ હાઈકોર્ટે મોટું અવલોકન કર્યું છે અને કહ્યું છે કે પેપર લીક કરાવવું હત્યા કરતા પણ વધુ જઘન્ય અપરાધ છે.સીબીઆઈ દ્વારા નીટ પેપર લીકને લઈને વિગતવાર માહિતી કોર્ટને સોંપવામાં આવી છે. નીટ-યુજી પરીક્ષા યોજનારી નેશનલ ટેસ્ટિંગ એજન્સી એનટીએ દ્વારા સુરક્ષાનું આયોજન કરવામાં મોટી ખામી રહી ગઈ હોવાનો ખુલાસો સીબીઆઈએ કર્યો છે. પેપર તૈયાર કરવા, ભાષાંતર સહિતની કામગીરી જે સ્થળે જઈ રહી હતી ત્યાં સીસીટીવી દ્વારા યોગ્ય રીતે મોનિટરિંગ નહોતું થયું. જ્યારે પેપર લીકને લઈને છત્તીસગઢ હાઈકોર્ટ દ્વારા મોટું અવલોકન કરાયું છે.છત્તીસગઢમાં લોક સેવા આયોગની પરીક્ષામાં ગેરરિતી મુદ્દે સીબીઆઈ દ્વારા ધરપકડ કરાયેલ પૂર્વ આઈએએસ અધિકારીની જામીન અરજીને ફગાવતી વખતે હાઈકોર્ટે પેપર લીક મુદ્દે મોટું અવલોકન કર્યું હતું, હાઈકોર્ટે કહ્યું હતું કે સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કરાવવા હત્યાના ગુના કરતા પણ વધુ જઘન્ય ગુનો છે. પેપર લીક થવાથી લાખો ઉમેદવારોની કારકિર્દી બરબાદ થઈ જાય છે. સાથે જ સમાજ પર બહુ જ ખરાબ અસર કરે છે. દેશભરમાં પરીક્ષાના પેપર લીક મુદ્દે વિવાદ વચ્ચે હાઈકોર્ટ દ્વારા આ અવલોકન કરવામાં આવ્યું હતું સાથે જ પેપર લીક મુદ્દે ચિંતા પણ વ્યક્ત કરી હતી.બીજી તરફ સીબીઆઈએ કોર્ટમાં દાખલ કરેલી ચાર્જશીટમાં નીટ-યુજી પેપર કઈ રીતે લીક થયું તેની વિગતવાર માહિતી આપી છે. સીબીઆઈના જણાવ્યા મુજબ પેપર સેટની સમગ્ર કામગીરી ચાર મહત્વપૂર્ણ સ્ટેજમાંથી પસાર થાય છે. જેમાં આઈટમ રાઈટિંગ, મોડરેશન, ચકાસણી અને ભાષાંતરનો સમાવેશ થાય છે. પ્રથમ તબક્કા આઈટમ રાઈટિંગમાં નિષ્ણાતોને બોલાવવામાં આવે છે અને સવાલો તેમજ જવાબો રજુ કરવા કહેવામાં આવે છે. જોકે તેમના સવાલ જવાબ અંતિમ પેપરમાં સામેલ થશે કે કેમ તે ગુપ્ત રહે છે. બાદમાં એનટીએ દ્વારા ચાર સેટ તૈયાર કરાય છે જે માટે પ્રશ્નો આપવા નિષ્ણાતોને કહેવામાં આવે છે.ત્રીજો તબક્કો વેટિંગ એટલે કે ચકાસણીનો હોય છે. જેમાં વેટર્સ અને મોડરેટર્સના જવાબો મેચ કરાય છે. અંતિમ તબક્કો અંતિમ પેપરનું ભાષાંતર કરવા સાથે જોડાયેલો છે. આ તમામ તબક્કામાં ભારે સુરક્ષા રાખવી જરૂરી હોય છે. એનટીએએ કેટલાક નિષ્ણાતોને આ તમામ તબક્કામાં સામેલ કર્યા હતા જે મોટી ભુલ હતી, મોડરેશનથી લઈને પેપરના અંતિમ સેટ સુધી પહોંચવામાં આ લોકો સફળ રહ્યા હતા, કેટલાક નિષ્ણાતો ચારેય તબક્કામાં સામેલ હતા. આવુ કેમ થયું તેને લઈને પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે. જે શિક્ષકો દ્વારા પેપર લીક કરવામાં આવ્યા તેઓને સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઘરે જવા, કોચિંગ ક્લાસ ચલાવવા સહિતની છૂટ અપાઈ હતી. તેઓએ જ સૌથી પહેલા પ્રશ્નોની ચિઠ્ઠી બનાવી લીધી કે યાદ રાખી લીધા અને બાદમાં પોતાના ખાસ વિદ્યાર્થીઓને પ્રશ્નોની સાથે જવાબો પણ આપ્યા હતા.

અમેરિકાના ન્યૂ મેક્સિકો રાજ્યની કોર્ટનો આદેશ

ફેસબુક-ઈન્સ્ટાથી બાળકોના મેન્ટલ હેલ્થને અસર : રૂ. ૫૩૦૦ કરોડનો દંડ

પેનલ્ટીની રકમમાંથી પીડિત બાળકોની સારવાર થશે : પ્લેટફોર્મ્સમાં બાળકોની જાતીય સતામણી થતી હોવાની મેટાને જાણ હતી તેવું કોર્ટનું નિરીક્ષણ

ન્યૂયોર્ક, તા.૮

અમેરિકાના ન્યૂ મેક્સિકો રાજ્યની કોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. મેટાના પ્લેટફોર્મ્સ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના કારણે બાળકોની મેન્ટલ હેલ્થ પર અસર થયાનું જણાયું હતું. આ પ્લેટફોર્મ્સમાં બાળકો સાથે જાતીય દુર્વ્યહાર થયો હતો. કોર્ટે મેટાને આ કેસમાં ૫૬.૭ કરોડ ડોલર એટલે કે અંદાજે ૫૩૦૦ કરોડ રૂપિયાનો માતબર દંડ ફટકાર્યો છે.

આ રકમનો એક હિસ્સો પીડિતા બાળકોની સારવારમાં જશે, બીજો હિસ્સો અવેરનેસ માટે વપરાશે.ન્યૂ મેક્સિકો રાજ્યની કોર્ટના ન્યાયધીશ બ્રાયન બીડરશિટે એક ઐતિહાસિક ચુકાદો આપતા કહ્યું હતું કે મેટાના પ્લેટફોર્મ્સ ફેસબુક-ઈન્સ્ટાગ્રામમાં બાળકોનું યૌનશોષણ થતું હતું. કંપનીને આ વાતની જાણકારી હતી છતાં કોઈ કાર્યવાહી કરી નહીં. એ વાતને છુપાવવાની કોશિશ કરી. આ પ્લેટફોર્મ્સના કારણે બાળકો-ટીનેજર્સની મેન્ટલ હેલ્થ બગડી હતી. કોર્ટમાં આ કેસના સંદર્ભમાં મેટાએ બાળકોને લગતા કન્ટેન્ટમાં ક્ષતિ રહી ગઈ હોવાનું સ્વીકાર્યું હતું. મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગે માફી માંગી હતી.કોર્ટે મેટાને ૫૬.૭ કરોડ ડોલર યાને અંદાજે ૫૩૦૦ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ રકમમાંથી એક હિસ્સો જે બાળકોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સના કારણે ભોગવવાનું આવ્યું છે તેમના માનસિક સ્વાસ્થ્યનો ઈલાજ થશે. બીજો હિસ્સો અવેરનેસ, પ્રિવેન્શન, સ્ક્રીનિંગ સર્વિસ વગેરેમાં ખર્ચાશે. સરકારી વકીલોના સૂચન બાદ કોર્ટે કહ્યું હતું કે મેટાએ તેમના મૂળભૂત ઢાંચામાં ફેરફાર કરવો પડશે. ખાસ તો લત લગાડે તેવા ફીચર્સ અટકવવા અને ઉંમરનું વેરિફિકેશન વધારે મજબૂત બનાવવું તેમ જ પ્રાઈવસી સેટિંગ પર વધારે ધ્યાન આપવું જેવી બાબતોનો સમાવેશ થાય છે.ઉલ્લેખનીય છે કે આ કેસ બે તબક્કામાં ચાલ્યો હતો. આ કેસના સંદર્ભમાં જ અગાઉ કોર્ટે મેટાને ૩૭.૫ કરોડ ડોલર યાને અંદાજે ૩૫૦૦ કરોડ રૂપિયાનો દંડ કર્યો હતો. બાળકોનું યૌનશોષણ થાય છે તે જાણવા છતાં કંપનીએ કોઈ કાર્યવાહી ન કરી તે માટે આ દંડ થયો હતો.બીજા તબક્કામાં આ નવો દંડ ફટકાર્યો છે તે બાળકોના મેન્ટલ હેલ્થ પર થઈ રહેલી ગંભીર અસરના સંદર્ભમાં છે. ફેસબુક-ઈન્સ્ટાગ્રામ-વોટ્સએપ જેવા પ્લેટફોર્મ્સની માલિકી ધરાવતી મેટા કંપની સામે ન્યૂ મેક્સિકોના એટર્ની જનરલ રાઉલ ટોરેસે કેસ દાખલ કર્યો હતો. ૨૦૨૩થી આ કેસ ચાલતો હતો. આ વર્ષે ફેબ્રુઆરીથી કેસની સુનાવણી શરૂ થઈ હતી. મેટાએ કોર્ટના આ આદેશ બાદ ઉપલી કોર્ટમાં અપીલ કરવાની જાહેરાત કરી છે.

પાકિસ્તાન ઈસ્લામિક નાટો બનાવવા માંડયુ, સાઉદી પછી તુર્કી પણ જોડાયું

ઈસ્લામાબાદ, તા.૮

પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ સંયુક્ત સંરક્ષણ કરાર પર સહીસિક્કા કર્યા છે. આ કરાર હેઠળ ત્રણેયમાંથીકોઈપણ દેશ પર થતા હુમલાને ત્રણેય દેશ પોતાના પર હુમલો માનીને સંયુક્ત કાર્યવાહી કરશે. પશ્ચિમ એશિયામાં વધતા જતાં તનાવના વચ્ચે આ ત્રણેય દેશો વચ્ચે આ કરાર કર્યા છે. જો કે સાઉદી પર ઈરાન દ્વારા કરાતા મિસાઈલ હુમલા અંગે પાક.-તુર્કી બંનેએ મૌન ધારણ કર્યુ છે.પાક.ના વડાપ્રધાન શહબાઝ શરીફ, સાઉદી પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને તુર્કિશ પ્રમુખ એર્ડોગન ઈસ્લામના પવિત્ર સ્થળ મક્કાના અલ-સફા પેલેસમાં મક્કાહ-અલ-મુકરમાહ સમિટમાં આ કરાર કર્યો હતો.

આ કરારનું ધ્યેય કોઈપણ પ્રકારના હુમલા સામે સંયુક્ત પ્રતિકારને મજબૂત બનાવવાનું છે અને ત્રણેયમાંથી ગમે તે દેશ સામે થતાં હુમલાને તે દેશ પર થતો હુમલો માનવામાં આવશે. તેની સાથે ત્રણેય દેશ વચ્ચે સુરક્ષા સહયોગ વધુ મજબૂત બનાવવામાં આવશે. લશ્કર, સુરક્ષા અને રણનીતિક સમન્વયને વધુ મજબૂત બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે.આ કરારના પગલે પરમાણુ શસ્ત્ર સંપન્ન એકમાત્ર ઈસ્લામિક દેશ પાકિસ્તાન, ઈસ્લામના પવિત્ર સ્થળ અને વિશ્વના ટોચના ઓઈલ નિકાસકાર સાઉદી અરેબિયા અને નાટોના સભ્ય તુર્કી વચ્ચેના સંબંધ વધુ મજબૂત બનશે. આ હિલચાલ એવા સમયે થઈ છે જ્યારે પશ્ચિમ એશિયા સંઘર્ષ અનેક મોરચે વિસ્તરી રહ્યો છે. તેના લીધે ખાડી દેશોએ પ્રાદેશિક સુરક્ષા પર વધુ ધ્યાન આપવાની ફરજ પડી છે.ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પાકિસ્તાન અને સાઉદી અરેબિયાએ વ્યૂહાત્મક પારસ્પરિક સંરક્ષણ કરાર કર્યા હતા. આ કરાર દ્વિપક્ષીય હતા. હવે આ કરાર ત્રિપક્ષીય થયા છે. ત્રણેય દેશો ભાઈચારો ધરાવે છે.

પાક., સાઉદી અરેબિયા અને તુર્કી વચ્ચે ત્રિપક્ષીય સંરક્ષણ કરાર, એક પર હુમલો ત્રણેય પર હુમલો મનાશે

09-08-2026_31 Jan Fariyad_New_P-1

લાઘવિકા

‘સુરક્ષિત આંગણું‘

સૂરજ આથમવાની તૈયારીમાં હતો. સાત વર્ષની સમીરા ઘરે પાછી ફરી રહી હતી. રસ્તામાં એને એક જાણીતો હાથ દેખાયો, જેણે હસીને કહ્યું, ચાલ, આજે તમને ચોકલેટ અપાવું.

સમીરાને યાદ આવ્યું, માએ કહ્યું હતું, બેટા, અજાણ્યાં લોકો પાસે ન જવાય.પણ આ તો પડોશી કાકા હતા, જેની સાથે એ રોજ રમતી. સમીરા ભોળપણમાં તેમની સાથે ગઈ.

રાત્રે જ્યારે સમીરા પાછી ફરી, ત્યારે તેનાં કપડાં ફાટેલાં હતાં, આંખોમાં ડર હતો અને હોઠ સીવાયેલા હતાં. તે સીધી ખૂણામાં જઈને બેસી ગઈ. માએ પૂછ્યું, બેટા, શું થયું? કેમ આટલી ચૂપ છે? સમીરાએ કંઈ જ ન કહ્યું, બસ ટેબલ પર પડેલી પોતાની ઢીંગલીને કબાટમાં પૂરી દીધી અને દરવાજો અંદરથી બંધ કરી દીધો. માએ બહારથી પૂછ્યું, બેટા, ઢીંગલીને કેમ કેદ કરી?

અંદરથી ધ્રૂજતો અવાજ આવ્યો, મા, આ દુનિયામાં ઢીંગલીઓ પણ સુરક્ષિત નથી, તો હું કેવી રીતે હોઉં? બહાર માનાં હાથમાંથી પાણીનો ગ્લાસ છૂટી ગયો. ઘરનાં આંગણે આજે માણસાઈનાં કાતિલને પાળ્યો હતો.

-ડૉ. દક્ષા જોશી ‘નિર્ઝરા‘
અમદાવાદ, ગુજરાત.

કહેવત પરથી લઘુવાર્તા

ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો

ગુજરાતી લોકસાહિત્યની કહેવત ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો એ માત્ર શબ્દોનો સમૂહ નથી, પરંતુ સદીઓથી આપણાં સામાજિક માળખામાં વણાયેલી એક કડવી વાસ્તવિકતાનું પ્રતિબિંબ છે. આ કહેવત અન્યાયી વહેંચણી, પક્ષપાત અને વ્યવસ્થાકીય ખામીઓ પર અત્યંત માર્મિક કટાક્ષ કરે છે.

આ કહેવતનું મુખ્ય તાત્પર્ય એ છે કે, જે વ્યક્તિઓ હકીકતમાં મહેનત કરે છે, જેઓ જવાબદારીઓ નિભાવે છે અને લોહી-પાણી એક કરે છે, તેમને અંતે ફળ નથી મળતું. તેનાથી વિપરીત, જેઓ કોઈ ખાસ હોદ્દા પર છે અથવા જેઓ બહારથી આવ્યાં છે, તેઓ મહેનત વગર જ પરિણામો કે સુવિધાઓ ભોગવી જાય છે. અહીં ‘ઘરનાં છોકરાં‘ એ મહેનત કરનારા વર્ગનું પ્રતીક છે જે ઘંટી દળે છે (સખત પરિશ્રમ કરે છે), છતાં તેમને ખાવા માટે માત્ર ઘંટીની ધાર પર ચોંટેલો આટો જ મળે છે. બીજી તરફ ‘ઉપાધ્યાય‘ (સત્તાધારી કે આદરણીય પદ પર બેઠેલી વ્યક્તિ) કાંઈ પણ કર્યા વગર સંપૂર્ણ ભોજનનો લાભ લે છે.

સામાજિક અને સંસ્થાકીય પરિપ્રેક્ષ્યઃ આ કહેવત આપણાં સમાજ અને સંસ્થાઓની અંધાધૂંધીને ઉજાગર કરે છે. ઘણીવાર પરિવાર કે ઓફિસમાં પણ યોગ્યતા અને નિષ્ઠા કરતાં વગ, ભલામણ કે સત્તાને વધુ મહત્ત્વ મળે છે. જે સભ્યો સતત નિષ્ઠાપૂર્વક કામ કરે છે તેમની સતત ઉપેક્ષા થાય છે અને જેઓ સત્તાના કેન્દ્રમાં છે તેઓ પોતાનાં સ્વાર્થને પ્રાધાન્ય આપે છે. જ્યારે સંચાલક કે વડા પોતે જ પક્ષપાતી હોય, ત્યારે નીચેનાં વર્ગનો અસંતોષ વધે છે અને નૈતિક મૂલ્યોનું ધોવાણ થાય છે. આ એક એવી વ્યવસ્થા છે જ્યાં મહેનતનું મૂલ્ય નથી, પણ સંબંધો અને હોદ્દાનું વર્ચસ્વ છે. આ કહેવત આપણને આત્મનિરીક્ષણ કરવા માટે પ્રેરે છે. જ્યારે આપણે કોઈ નિર્ણય લેવાની સ્થિતિમાં હોઈએ, ત્યારે આપણે તે સુનિશ્ચિત કરવું જોઈએ કે શું આપણે મહેનત કરનારને અન્યાય તો નથી કરી રહ્યા ને? ન્યાયી વ્યવસ્થા તે છે જ્યાં વ્યક્તિની મહેનત અને ક્ષમતાને યોગ્ય સન્માન મળે. જે સમાજ કે પરિવારમાં મહેનત કરનાર ભૂખ્યો રહે અને આળસુ કે સત્તાધારી મલાઈ ખાય, તે ક્યારેય પ્રગતિ કરી શકતું નથી.

આ કહેવત અન્યાયી સામાજિક વ્યવસ્થા સામે અવાજ ઉઠાવવાની અને સમાનતા લાવવાની ચેતવણી આપે છે. તે આપણને યાદ અપાવે છે કે સામાજિક ન્યાય ત્યારે જ સંભવ છે જ્યારે અધિકાર અને મહેનત વચ્ચેનું સંતુલન જળવાય અને યોગ્યતાને જ શ્રેષ્ઠતાનું માપદંડ માનવામાં આવે.

-ડૉ. દક્ષા જોશી ‘નિર્ઝરા‘
અમદાવાદ,ગુજરાત.

૯ની ધરપકડ, ૧૦ વોન્ટેડ

અમદાવાદના એસ.જી. હાઈવે પરના ૪ હાઈપ્રોફાઈલ સ્પામાંથી ઝડપાયું કૂટણખાનું

અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેરના પોશ ગણાતા એસ.જી. હાઈવે અને સિંધુભવન રોડ વિસ્તારમાં સ્પા અને વેલનેસ સેન્ટરની આડમાં મસાજ શ્રૃંગારના નામે ચાલતા હાઈપ્રોફાઈલ કૂટણખાનાઓ પર સ્ટેટ મોનિટરિંગ સેલ(SMC)ની ટીમે શુક્રવારે (૭ ઑગસ્ટ) દરોડા પાડ્યા હતા. જેમાં SMCએ એકસાથે ૪ સ્પા પર દરોડા પાડીને દેહવ્યાપારના રેકેટનો પર્દાફાશ કર્યો છે.

પોલીસે આ કાર્યવાહીમાં સ્પા મેનેજરો અને ગ્રાહકો સહિત કુલ ૯ લોકોની ધરપકડ કરી છે, જ્યારે ૬ મહિલાઓ સહિત અન્ય ૧૦ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. ચારેય સ્થળેથી રોકડ, મોબાઈલ, લેપટોપ અને વાંધાજનક સામગ્રી મળી કુલ રૂ.૫.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

સિંધુભવન રોડ પર આવેલા ધી ગેલક્સી સ્પામાં દરોડા દરમિયાન પોલીસે રૂ.૧.૨૬ લાખનો મુદ્દામાલ, મોબાઈલ અને DVR જપ્ત કર્યા છે. અહીંથી કાઉન્ટર પર મેનેજર તરીકે કામ કરતા ભાવિક મહેશભાઈ વિઠ્ઠલાપરાની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે સ્પાના મેનેજર કિલિકા અમુસી, મોહસિન રંગરેજ, રામબાબુ અને મેનેજરનો આસિસ્ટન્ટ મનીષ વોન્ટેડ જાહેર કરાયા છે.

થલતેજમાં બાગબાન પાર્ટી પ્લોટ પાસે આવેલા બ્લોસમ સ્પામાંથી પોલીસે રૂ.૭૧,૮૭૦ની મિલકત જપ્ત કરી છે. પોલીસે સ્થળ પરથી રીસેપ્શનિસ્ટ/થેરાપિસ્ટ ભારતી ભરત દામાણી અને આસિસ્ટન્ટ અંકિતકુમાર રાજકુમાર બાથમની ધરપકડ કરી છે. જ્યારે હર્ષવર્ધન જાધવ અને કિરણભાઈ નામના બે સ્પા મેનેજરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ઈસ્કોન ચાર રસ્તા અને વાઈડ એંગલ પાસે આવેલા A9 સ્પામાં સૌથી મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. SMCએ અહીંથી સ્વાઈપ મશીન, વોકી-ટોકી સેટ, કરન્સી કાઉન્ટિંગ મશીન, લેપટોપ, યુપીઆઈ સ્કેનર અને કૌટુંબિક સામગ્રી સહિત રૂ.૨.૩૬ લાખનો સામાન જપ્ત કર્યો છે. આ કેસમાં મેનેજરો પ્રવીણભાઈ રમેશભાઈ વોરા, નૈસદ અહેમદ સિદ્દીકી અને નિશ્ચલ દીપકભાઈ ઠક્કરની ધરપકડ કરાઈ છે. જ્યારે સ્પા માલિક નરેન્દ્રસિંહ રાઠોડ અને મેનેજર કૌશલ દીપકભાઈ ઠક્કર ફરાર થઈ જતાં તેમને વોન્ટેડ બતાવાયા છે.

વસ્ત્રાપુર તળાવ નજીકના ઓરેન્જ સ્પામાંથી પોલીસે રૂ.૯૫,૫૦૦ની રોકડ અને લેપટોપ જપ્ત કર્યા છે. અહીંથી સ્પા મેનેજર રઘુવીરસિંહ બલવીરસિંહ રાજપૂત તેમજ મસાજ કરાવવા આવેલા બે ગ્રાહકો દેવિન વિષ્ણુભાઈ દેસાઈ અને જયદેવભાઈ નાનુભાઈ ડોડીયાની અટકાયત કરવામાં આવી છે. જ્યારે માલિક વીરેન્દ્રકુમાર સિંધ અને મેનેજર મનીષ રામસ્વરૂપ પીપલીવાલા વોન્ટેડ છે.

SMCની ટીમે તમામ ચારેય સ્પા સામે અનૈતિક વ્યાપાર અટકાવ કાયદા અને ભારતીય ન્યાય સંહિતા(BNS)ની વિવિધ કલમો હેઠળ સંબંધિત પોલીસ મથકોમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. એસ.જી. હાઈવે પરના સ્પામાં ચાલતા આ રેકેટ પાછળ અન્ય કયા મોટા માથાં સામેલ છે તે અંગે પણ તપાસ તેજ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં શંકાસ્પદ ડુપ્લીકેટ ઘીની ફેક્ટરી ઝડપાઈ

ગાંધીનગર,

ગાંધીનગરના દહેગામ તાલુકાના ગલુદણ ગામમાં શંકાસ્પદ ડુપ્લીકેટ ઘીની ફેક્ટરી ઝડપાતા ચકચાર મચી છે. ફૂડ વિભાગ દ્વારા જપ્ત કરાયેલા શંકાસ્પદ ઘીના સેમ્પલ લઈ તપાસ કરવામાં આવી હતી. વડોદરા ફૂડ લેબોરેટરીમાં સેમ્પલ મોકલ્યા છે. નોંધનિય છે કે, પ્રાથમિક તપાસમાં એસેન્સ અને કેમિકલ કલર ભેળવી ઘીના નામે જથ્થો બજારમાં વેચાતો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી જેને લઈને તપાસ શરૂ થઈ છે.

ગાંધીનગરના દહેગામ તાલુકાના ગલુદણ ગામમાં ફૂડ વિભાગના દરોડા દરમિયાન કાર્યવાહી દરમિયાન મોટી માત્રામાં ડુપ્લીકેટ શંકાસ્પદ ઘીનો જથ્થો મળા આવ્યો હતો. પોલીસે આશરે ૪૮ લાખ રૂપિયાની કિંમતનો ૯૩૦૦ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો છે. આ ઉપરાંત આશરે બે થી અઢી હજાર કિલો શંકાસ્પદ માવો પણ પોલીસે કબજે કર્યો છે.

વૈશ્વિક સ્તરે પણ આધ્યાત્મિક પ્રવાસ વધ્યો

ટેમ્પલ અને કલ્ચર ટ્રાવેલ્સમાં બુમ વૈશ્વિક સ્તરે જાપાન હોટ ડેસ્ટિનેશન

ઈન્ડિયા કલ્ચર ટ્રાવેલ ઈન્ડેક્સ મુજબ વારસો અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેનારાની ટકાવારી સૌથી વધુ

અમદાવાદ, તા.૮

ટૂરિઝમની પરિભાષા છેલ્લા કેટલાક સમયથી બદલાવા લાગી છે. દેશભરમાં ટૂરિઝમ ક્ષેત્રે એક નવો અને મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. અગ્રણી વૈશ્વિક ટ્રાવેલ એપ સ્કાયસ્કેનર દ્વારા રજૂ કરાયેલા ધ ઈન્ડિયા કલ્ચર ટ્રાવેલ ઈન્ડેક્સ મુજબ હવે લોકો માત્ર ફરવા જવા માટે નહીં પરંતુ સાંસ્કૃતિક અનુભવો, વારસો, તહેવારો અને આધ્યાત્મિક યાત્રાઓ માટે પોતાના વેકેશનનું આયોજન કરી રહ્યા છે. ગુજરાતમાં અમદાવાદ ટોચનું શહેર છે જ્યાં સરેરાશ ૫૦ ટકા પ્રવાસીઓ સાંસ્કૃતિક ઓળખ અને ઉત્સવ પરંપરાઓને પ્રવાસનું મુખ્ય કેન્દ્ર માને છે. એટલું જ નહિં વૈશ્વિક સ્તરે હવે યુએસ, યુકે કે ઈટાલી નહિં પરંતુ જાપાન હોટ ડેસ્ટિનેશન બનવા લાગ્યું છે. દેશમાંથી જાપાન જનારા ટૂરિસ્ટની સંખ્યામાં છેલ્લા એક વર્ષમાં સરેરાશ ૭૫-૮૦ ટકાનો ગ્રોથ થયો હોવાનું સ્કાયસ્કેનર ઈન્ડિયાના ટ્રાવેલ ટ્રેન્ડ્સ એન્ડ ડેસ્ટિનેશન્સ એક્સપર્ટ નીલ ઘોષે જણાવ્યું હતું. વધુમાં ઉમેર્યું કે બીજા ક્રમે વિયેતનામ અને થાઈલેન્ડ આવે છે. સ્કાયસ્કેનર વૈશ્વિક સ્તરે અગ્રણી ટ્રાવેલ મેટા-સર્ચ પ્લેટફોર્મ છે. કંપનીએ વૈશ્વિક તેમજ ભારતીય બજારમાં નોંધપાત્ર નાણાકીય અને યુઝર ગ્રોથ હાંસલ કર્યો છે. વાર્ષિક આવક ૩૯ કરોડ યુરોના સ્તરે પહોંચી છે જ્યારે પ્લેટફોર્મ પર દર મહિને ૧૬ કરોડથી વધુ યુનિક વિઝિટર્સ અને ૧૧ કરોડથી વધુ માસિક સક્રિય યુઝર્સ નોંધાય છે. સર્વે અનુસાર, ભારતીયો અને ખાસ કરીને અમદાવાદના પ્રવાસીઓમાં સાંસ્કૃતિક પ્રવાસ પ્રત્યેનો ઉત્સાહ સતત વધ્યો છે. ૮૮ ટકા પ્રવાસીઓએ સ્વીકાર્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં આવી મુસાફરી પ્રત્યે તેમનો રસ વધ્યો છે. વારસો અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત (૫૭%), તહેવારો અને ઉજવણીઓ (૫૪%) તેમજ આધ્યાત્મિક યાત્રાઓ (૫૪%) પ્રવાસ માટેની સૌથી મજબૂત પ્રેરણાઓ છે. આ ઉપરાંત, ૭૪ ટકા પ્રવાસીઓ મોટા સાંસ્કૃતિક કે ધાર્મિક ઉત્સવોમાં ભાગ લેવા માટે ખાસ પ્રવાસ કરવાનું વિચારે છે.યુક્રેન-રશિયા અને ઈરાન-અમેરિકા વચ્ચેના યુદ્ધ પછી ટ્રાવેલર્સ કરનાઓનો ટ્રેન્ડ બદલાયો છે. એક સમયે પશ્ચિમના દેશો ટુરિઝમ માટે પ્રખ્યાત હતા તેનું સ્થાન વિતેલા વર્ષ દરમિયાન પૂર્વના દેશોએ લીધું છે. ડોલર સામે એશિયન કરન્સીના વેલ્યૂએશનમાં થયેલા ફેરફાર પણ આ માટે જવાબદાર હોવાનું માનવામાં આવે છે અને વેસ્ટ કરતાં ઈસ્ટના દેશો આને કારણે વધુ પરવડે તેવા પેકેજ સાથે ઉપલબ્ધ થયા છે.સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવાસનો આ વ્યાપ હવે વિદેશ પ્રવાસ સુધી વિસ્તર્યો છે. અમદાવાદના ૩૩ ટકા રહેવાસીઓ સાંસ્કૃતિક અનુભવો માટે વિદેશ પ્રવાસ કરી ચૂક્યા છે, જ્યારે ૫૯ ટકા લોકો ભવિષ્યમાં તેની ઈચ્છા ધરાવે છે. વિદેશી સાંસ્કૃતિક સ્થળોમાં જાપાન સૌથી મનપસંદ સ્થળ તરીકે ઉભરી આવ્યું છે. પ્રવાસીઓ હવે ભીડભાડથી દૂર અધિકૃત અને અર્થસભર સાંસ્કૃતિક અનુભવોને પ્રાથમિકતા આપી રહ્યા છે.

શેરથા નજીક ઈકો ગાડીમાં દાગીના અને રોકડની ચોરી

ઓસ્ટ્રેલિયા જતા પહેલાં જ મહેસાણાનું વૃદ્ધ દંપતી લૂંટાયું

મહેસાણા, તા.૮

સીરજક્ટહક્ટ ફ્રીજઃ મહેસાણાના એક વૃદ્ધ દંપતી આગામી ૯ ઓગસ્ટે ઓસ્ટ્રેલિયા ખાતે રહેતા પોતાના પુત્ર પાસે જવાની તૈયારી કરી રહ્યા હતા. તે પહેલાં સોના-ચાંદીના દાગીના સુરક્ષિત રાખવા માટે તેઓ પુત્રીના ઘરે જઈ રહ્યા હતા ત્યારે કલોલથી શેરથા સુધી ઈકો ગાડીમાં મુસાફરી દરમિયાન તસ્કરોએ તેમનો થેલો નિશાન બનાવ્યો હતો.

મુસાફરી વખતે દાગીનાનો થેલો વૃદ્ધના પગ અને સામે બેઠેલા મુસાફરની વચ્ચે રખાયો હતો, જેનો લાભ ઉઠાવી ગાડીમાં સવાર ત્રણ શંકાસ્પદ શખ્સોએ રૂ. ૮.૬૯ લાખની મત્તાના દાગીના અને રોકડ રકમ પર હાથ સાફ કરી લીધો હતો. શેરથા પહોંચીને થેલો તપાસતા આ ચોરીનો ભાંડો ફૂટ્યો હતો. આ બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધીને CCTV ફૂટેજ તેમજ ઈકો ગાડીના અન્ય મુસાફરોની વિગતો મેળવી આગળની તપાસ તેજ કરી છે.

મળતી માહિતી મુજબ, દંપતી પોતાના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ પુત્રીના ઘરે સુરક્ષિત મૂકવા માટે જઈ રહ્યું હતું.

મુસાફરી દરમિયાન તેમણે દાગીના અને રોકડ ભરેલો થેલો વૃદ્ધના પગ અને સામેની સીટ પર બેઠેલા મુસાફરના પગ વચ્ચે રાખ્યો હતો. કલોલથી શેરથા સુધીની ટૂંકી મુસાફરી દરમિયાન ઈકો ગાડીમાં બેઠેલા તસ્કરોએ ચાલાકીપૂર્વક થેલામાંથી દાગીના અને રોકડ રકમની સેરવી લીધા હતા.

દંપતી જ્યારે શેરથા પહોંચ્યું અને તેમણે થેલો તપાસ્યો ત્યારે અંદરથી રૂ. ૮.૬૯ લાખના સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ ગાયબ હોવાનું જણાયું હતું, જેથી ચોરીનો ભાંડો ફૂટ્યો હતો. આ ઘટના બાદ દંપતી ભારે આઘાતમાં સરી પડ્યું હતું. ચોરીની આ ઘટનામાં ઈકો ગાડીમાં સાથે બેઠેલા ત્રણ શંકાસ્પદ શખ્સો સામે આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.ઘટના સંદર્ભે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધીને ચોરોને ઝડપી પાડવા માટે ઈકો ગાડીના મુસાફરોની વિગતો એકત્રિત કરવા સાથે માર્ગ પરના ઝઝ્ફ ફૂટેજ મેળવીને આગળની તપાસ તેજ કરી છે.

૩૬ હજારની લાંચ કેસમાં ચીફ ફાયર ઓફિસરની ધરપકડ

અમદાવાદ, તા.૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ચીફ ફાયર ઓફિસર અમિતકુમાર આનંદરાવ ડોંગરે અને તેમના વચેટિયા ભાવસિંહ ઝાલાને રૂ.૩૬,૦૦૦ની લાંચ લેતા એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યા છે. દોઢ વર્ષના પ્રોબેશન ગાળામાં જ લાંચ લેતા પકડાયેલા ક્લાસ-૧ અધિકારી સામે ત્વરિત કાર્યવાહી કરીને તેમને સસ્પેન્ડ પણ કરી દેવામાં આવ્યા છે. આ ગંભીર કાર્યવાહીથી મનપાના અધિકારીઓ અને ભ્રષ્ટ કર્મચારીઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે એક ફરિયાદીએ શહેરની ૬ જુદી-જુદી બિલ્ડિંગોની ફાયર NOC મંજૂરી અર્થે ગુજરાત સરકારના પોર્ટલ પર અરજી કરી હતી. આ NOC મંજૂર કરવાના બદલામાં ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે વતી ભાવસિંહ ઝાલા નામના વહીવટદારે પ્રતિ બિલ્ડિંગ રૂ.૬,૦૦૦ લેખે કુલ ૬ બિલ્ડિંગના રૂ.૩૬,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. તપાસમાં સામે આવ્યું છે કે ફાયર સેફ્ટી અંગેની કોઈપણ નાણાકીય લેવડ-દેવડ માટે ભાવસિંહને જ

લાંચની આ માંગણી અંગે ફરિયાદીએ વડોદરા શહેર ACBમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ACBની ટીમે મેમનગરમાં વિજય ચાર રસ્તા પાસે આવેલા યસ એક્વા કોમ્પ્લેક્સ નજીક સફળ ટ્રેપ ગોઠવી હતી. ત્યાં રૂ.૩૬,૦૦૦ની લાંચ સ્વીકારતા ખાનગી વ્યક્તિ ભાવસિંહ ઝાલાને રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.

૩૦થી ૪૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાશે

ગુજરાતના ૧૦ જિલ્લામાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદની આગાહી

૧૪ ઑગસ્ટ સુધીના ૬ દિવસના પૂર્વાનુમાન સમયગાળા દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ નોંધાશે

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં ચોમાસાની સ્થિતિ અંગે હવામાન વિભાગે (IMD) આગામી ૧૪ ઑગસ્ટ સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા વ્યક્ત કરી છે. આ સિવાય ઉત્તર ગુજરાતના ૧૦ જિલ્લાઓમાં આગામી ૨ દિવસ એટલે કે ૧૦ ઑગસ્ટ સુધી વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગ અનુસાર ૯ અને ૧૦ ઑગસ્ટ દરમિયાન ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં મેઘગર્જના, વીજળીના ચમકારા અને ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે સુસવાટા મારતા પવન સાથે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે.

જેમાં બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ઍલર્ટ છે.

બીજી તરફ, હવામાન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે ૧૪ ઑગસ્ટ સુધીના ૬ દિવસના પૂર્વાનુમાન સમયગાળા દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ નોંધાશે. આ સમયગાળા દરમિયાન સમગ્ર રાજ્યમાં ભારે કે અતિભારે વરસાદ અંગેનું કોઈ યલો, ઑરેન્જ કે રેડ ઍલર્ટ જારી કરવામાં આવ્યું નથી.

હવામાન વિભાગ અનુસાર, દેશભરમાં નિર્માણ પામેલી વિવિધ વાતાવરણીય સિસ્ટમના કારણે ગુજરાતમાં ચોમાસુ માહોલ સક્રિય છે.

મોન્સૂન ટ્રફઃ દરિયાઈ સપાટી પરની મોન્સૂન ટ્રફ હાલ અનૂપગઢ, દિલ્હી, દેઓમાલી, સિદ્ધિ અને દીઘા થઈને ઉત્તર-પૂર્વ બંગાળની ખાડી સુધી લંબાયેલું છે.

લૉ-પ્રેશર સિસ્ટમઃ દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી અને ઉત્તર ઓડિશા પર સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે લૉ-પ્રેશર એરિયા સર્જાયો છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સઃ ઉપરી ટ્રોપોસ્ફિયરમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ટ્રફ જોવા મળી રહ્યું છે. આ સિવાય ઉત્તર-પૂર્વ રાજસ્થાન પર પણ ૩.૧ કિ.મી.ની ઊંચાઈએ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. ભેજવાળા પવનોઃ નીચલા સ્તરે અરબી સમુદ્ર પરથી દક્ષિણ-પશ્ચિમ અને પશ્ચિમી પવનો સતત ફૂંકાઈ રહ્યા હોવાથી ગુજરાત પર ભેજ જળવાઈ રહ્યો છે. રાજ્યમાં હાલ બે વરસાદી સિસ્ટમ (મોન્સૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) સક્રિય હોવાના કારણે આગામી સાત દિવસ સુધી સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત રહેશે. ૯થી ૧૪ ઓગસ્ટ સુધીના સમયગાળા દરમિયાન ગુજરાતના તમામ નાના-મોટા જિલ્લાઓમાં હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ વરસવાની સંભાવના છે. આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં થંડરસ્ટ્રોમ એક્ટિવિટી સક્રિય રહેશે, જેના કારણે કેટલાક વિસ્તારોમાં ગાજવીજ અને વીજળીના કડાકા સાથે વરસાદ પડી શકે છે.

આગામી ત્રણ દિવસ સુધી વાતાવરણમાં પવનની ગતિ સામાન્ય કરતાં વધુ રહેશે. આ દરમિયાન ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઉકળાટ અને અસહ્ય ગરમીનો અનુભવ થઈ રહ્યો હતો, ત્યારે આજે અચાનક આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયા હતા અને પશ્ચિમ અમદાવાદના વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો. પ્રહલાદનગર, જોધપુર, સેટેલાઈટ, ઈસ્કોન ચાર રસ્તા અને વેજલપુર જેવા વિસ્તારોમાં સાંબેલાધારે વરસાદ વરસવાનું શરૂ થતાં જ માર્ગો પર પાણી ફરી વળ્યા હતા.

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

09-08-2026_31 Jan Fariyad_New_P-2